# ધણપમાં નિકળેલા વિજય સરઘસ પર ટોળાનો પથ્થરમારો

## મતગણતરી કેન્દ્ર બહાર થયેલી મારઝુડના પડઘા ધણપ ગામમાં પડ્યા : ટોળાના પથ્થરમારામાં ચાર ઘાયલ : પોલીસની ગાડીના કાચ તુટ્યા : એસઆરપી ગોઠવી દેવાઈ : ઉચ્ચ પોલીસ અધિકારીઓ કાફલા સાથે સ્થળ પર દોડી આવ્યા : પરિસ્થિતિ કાબુમાં

ગાંધીનગર, તા. ૨૩

શહેરના સેક્ટર-૧૫ ખાતે મતગણતરી કેન્દ્ર બહાર થયેલી મારામારીની ઘટનાનાં પડઘા ધણપ ગામમાં પડ્યા છે. કોંગ્રેસના ઉમેદવાર વિજયી થયા બાદ ગામમાં વિજય સરઘસ લઈને નિકળ્યા હતા ત્યારે પહોંચતા માંડ ટોળુ વિખેર્યુ હતુ. પોલીસની ગાડી ઉપર પથ્થર વાગતા કાચ પણ તુટી ગયા હતા. હાલ પરિસ્થિતિ કાબુમાં છે પરંતુ ગામમાં વાતાવરણ તંગદીલીભર્યુ હોવાથી પોલીસ સ્ટેન્ડ ટુ કરી દેવાઈ છે. અને ગામમાં એસઆરપી પોઈન્ટ પણ મુકી દેવામાં આવ્યો છે. આ મામલે ઉમેદવારના એક સમર્થક ઉપર ટોળાએ હૂમલો બપોરે કર્યો હતો. આ ઘટના બાદ કોંગ્રેસના ઉમેદવાર વિજયી થતા બપોર પછી ધણપ ગામે તેમના સમર્થકોએ વિજય સરઘસ નિકાળ્યુ હતુ. મતગણતરી સ્થળ પાસે થયેલી મારામારીને પગલે ધણપમાં કોંગ્રેસના ઉમેદવારના સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. તો બીજી તરફ મામલો શાંત પાડવા પહોંચેલી પોલીસ ઉપર પણ પથ્થરમારો થતા વાહનના કાચ ફુટવાની ઘટના બની હોવાનું ધ્યાને આવ્યુ છે. ધણપ ગામમાં થયેલા રાયોટીંગને પગલે અજંપાભરી કારણે એસઆરપી પોઈન્ટ ધણપ ગામમાં ગોઠવી દેવામાં આવ્યો હોવા ઉપરાંત જિલ્લામાંથી પોલીસ કાફલો ધણપ ગામમાં ખડકી દેવામાં આવ્યો છે. ઘટનાને પગલે જિલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓ ધણપ ગામમાં દોડી ગયા હતા. તો બીજી તરફ





ભાજપ તરફી ટોળાએ સરઘસ ઉપર પથ્થરમારો શરૂ કરતા ચાર ઘાયલ થયા હતા. પોલીસ કાફલો ઘટનાસ્થળે આવી પોલીસ ફરીયાદની કવાયત હાથ ધરાઈ રહી છે.

શહેરના મતગણતરી કેન્દ્ર ઉપર ધણપ ગામના ભાજપના વિજય સરઘસ ઉપર ભાજપ તરફી રહેલા ટોળાએ પથ્થરમારો શરૂ કરી દેતા તંગદીલી સર્જાઈ જવા પામી છે. પથ્થરમારામાં ચાર ઘાયલોને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ઈજાગ્રસ્તોની ફરીયાદ લેવા ચિલોડા પોલીસે તજવીજ શરૂ કરી છે. સ્થિતિ છે.

પોલીસે બંને ટોળા વિખેરીને મામલો શાંત પાડી દીધો છે પરંતુ તંગદીલીભર્યુ વાતાવરણ હોવાને

# ભાજપનાં ટેકેદાર પર હૂમલો

## ભાજપનો પ્રચાર કેમ કરે છે કહીને ટોળુ ફરી વળ્યુ : ધણપ ગામના ટેકેદારને ગામના જ શખ્સોએ ઢોર માર માર્યો : પોલીસ ફરીયાદ

તાલુકા પંચાયતની ચૂંટણી બાદ આજે સેક્ટર-૧૫ સ્થિત કોલેજ ખાતે મતગણતરી કરવામાં આવી હતી. જેમ જેમ પરિણામો આવતા હતા તેમ તેમ માહોલ ગરમાતો જતો હતો. દરમ્યાન ધણપ ગામના ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોના સમર્થકો કોલેજ ગેટની બહાર ઉભા હતા ત્યારે ભાજપનો પ્રચાર કેમ કરે છે ? કહીને ધણપ ગામનાં જ ટોળાએ ભાજપના ટેકેદાર ઉપર હૂમલો કર્યો હતો. મારામારીના દશ્યો કેમેરામાં પણ કેદ થઈ ગયા હતા. આ ઘટના સંદર્ભે સે. ૭ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવામાં આવી છે.

ધણપ તાલુકા પંચાયતમાં ભાજપમાંથી ઉભા રહેલા મહિલા ઉમેદવાર કલીબેન નાગજીભાઈ ઠાકોરના સમર્થનમાં ગામના કેટલાક સમર્થકોનું ટોળુ મતગણતરી સ્થળની બહાર ઉભુ હતુ. તેમની બાજુમાંજ કોંગ્રેસના ઉમેદવારના સમર્થક પણ હતા. ધણપના શ્યામ ફાર્મમાં રહેતા અશોકભાઈ થાનારામ શર્મા (ખંડેલવાલ) બારેક વાગ્યાના અરસામાં ભાજપ જીંદાબાદની નારેબાજી કરતા હતા ત્યારે ધણપનાં જ રાજેન્દ્રસિંહ અમરસિંહ રાણા અને ભુપતસિંહ શંકરસિંહ રાણા સહિત ૧૦થી ૧૫ શખ્સોના ટોળાએ ભાજપનો પ્રચાર કેમ કરે છે કહીને મારઝુડ શરૂ કરી હતી. પોલીસે છુટા પાડતા અશોકભાઈ કોલેજ ગેટની અંદર જતા રહ્યા હતા. થોડા સમય બાદ ફરી ટોળુ આવ્યુ હતુ અને લાકડી અને ગડદાપાટુનો માર મારવાનું શરૂ કર્યુ હતુ. પોલીસે ફરી ત્યાં પહોંચીને ટોળાને વિખેર્યુ હતુ. આ ઘટના અંગે અશોકભાઈની ફરીયાદને આધારે સે. ૭ પોલીસે રાયોટીંગનો અને જાનથી મારી નાંખવાની ધમકીનો ગુનો દાખલ કરીને ઘટનાની તપાસ શરૂ કરી છે. મારામારીના ઘટના જે કેમેરામાં કેદ થઈ છે તેના ફુટેજ મેળવવા કવાયત શરૂ કરવામાં આવી છે.





# કલોલના નટનગરમાં ભારે જુથ અથડામણ

## બે જૂથ વચ્ચે મોડી સાંજે પથ્થરમારો : દસ ટીયરગેસના સેલ છોડવા પડ્યા : ટોળાએ ત્રણ વાહનોમાં આગ ચાંપી

જિલ્લાના કલોલ તાલુકામાં આવેલા નટનગર વિસ્તારમાં આજે મોડી સાંજે ગામના બે જુથો વચ્ચે અથડામણ થવા પામી હતી. સામસામે આવી ગયેલ બે જુથો વચ્ચે પથ્થરમારો શરૂ કરી દીધો હતો. અને આ ટોળાએ ત્રણ વાહનોમાં આગ ચાંપી હતી. ઘટનાની જાણ પોલીસને થતાં સ્થાનિક પોલીસ સહિત આસપાસના પોલીસ સ્ટેશનની ટીમો નટનગરમાં દોડી ગઈ હતી. બેકાબુ બનેલા ટોળાને વિખેરવા પોલીસે હળવો લાઠીચાર્જ અને ટીયરગેસના દસ સેલ છોડવા પડ્યા હતા.

પોલીસે ભારે જહેમત બાદ ટોળાને વિખેર્યુ હતુ. પથ્થરમારામાં ઘાયલ થયેલા લોકોને સ્થાનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ગામમાં આ ઘટનાને પગલે ભારેલા અગ્નિની સ્થિતિ સર્જાઈ ગઈ છે. આ અનુસંધાને ગામમાં પોલીસે કડક બંદોબસ્ત તહેનાત કરી દીધો છે. આ ઘટના હજુ સુધી પથ્થરમારો થવા પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયુ નથી. પોલીસે રાયોટીંગનો ગુનો દાખલ કરવા તજવીજ શરૂ કરી દીધી છે.

# જિલ્લાની ગાંધીનગર તાલુકા પંચાયતનો જનાદેશ ત્રિશંકુ આવતાં ઉત્તેજનાઓ

ગાંધીનગર તાલુકા પંચાયતના ચૂંટણી જંગમાં જનતાએ ત્રિશંકુ જનાદેશ આપતાં રાજકારણમાં અટકળોનો દોર શરૂ થયો છે કે હવે કોણ સત્તાના સૂત્રો સંભાળશે : સત્તા માટે નસીબની યારીનો સહારો લેવાશે કે કેમ ? આજે સવારે નવ વાગ્યે સે. ૧૫ ખાતે મતગણતરીની કામગીરીનો આરંભ થયો હતો. શરૂઆતમાં ભાજપ કોંગ્રેસ પર હાવી દેખાતુ હતુ પરંતુ જેમ જેમ ગણતરી આગળ વધી તેમાં કોંગ્રેસ હાવી થયુ હતુ પરંતુ ત્રણ અપક્ષ ઉમેદવારોએ વિજય હાંસલ કરી ભાજપ-કોંગ્રેસ એમ બન્નેના વિજય રથને નાથ્યા હતા.

આજે મતગણતરીમાં દોલારાણા-વાસણા, રાંધેજા-૨ અને વાવોલ-૨ની બેઠક પર અપક્ષ ઉમેદવારોએ વિજય મેળવ્યો હતો. સત્તા માટે જરૂરી ૧૯ બેઠકોમાં કોંગ્રેસને એક બેઠક ઓછી મળી હતી તો ભાજપને ૧૫ બેઠકથી જ સંતોષ માનવો પડ્યો હતો.

રાજકીય નિરીક્ષકોના મત મુજબ જો ત્રણેય અપક્ષોનું સમર્થન મેળવવામાં ભાજપ સફળ થાય તો બન્ને પક્ષને ૧૮-૧૮ બેઠકો થતાં નસીબની યારી કોને સત્તા માટે સાથ આપશે તેને લઈ અટકળોનો દોર ચાલી રહ્યો છે.

બીજી તરફ કોંગ્રેસે આજે એક નિવેદનમાં ભાજપને તડજોડની રાજનીતિથી દૂર રહેવા અપીલ કરી જણાવ્યુ છે કે જો આવુ કરાશે તો કોંગ્રેસ મજબૂત મુકાબલો કરશે. ગાંધીનગર તાલુકા પંચાયતમાં પહેલીવાર ત્રિશંકુ પંચાયતની રચના થવા પામી હોવાથી સમગ્ર તાલુકામાં રાજકીય ઉત્તેજનાનો માહોલ છવાયેલો જોવા મળી રહ્યો છે.

# સેક્ટરોના દવાખાનાઓ બંધ : જેનેરિક સ્ટોરમાં પણ પુરતી દવાઓ ઉપલબ્ધ નથી

## બંધ દવાખાનાઓ તેમજ શહેરમાં વધતી ગુનાખોરી અંગે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરાશે : શહેર વસાહત મહામંડળ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા શહેરમાં કેટલાય સમયથી બંધ-બિસ્માર હાલતમાં પડેલા દવાખાનાઓ તથા વધી રહેલી ચોરી અને અસામાજિક પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા માટે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવામાં આવશે.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાવ્યા મુજબ મહામંડળની વાર્ષિક સામાન્ય સભા વિવિધ વસાહતમંડળોના પદાધિકારીઓ અને આગેવાનોની ઉપસ્થિતિમાં યોજવામાં આવી હતી. આ બેઠકમાં સફાઈવેરો ઘટાડવા માટે મહાનગરપાલિકાને રજૂઆત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. શહેરમાં વિવિધ સેક્ટરોમાં આવેલા દવાખાનાઓ બંધ તથા બિસ્માર હાલતમાં છે. આ ઉપરાંત, સિવિલ હોસ્પિટલ કોલેજને સોંપાયા બાદ ઉભી થયેલી અવ્યવસ્થા તથા નિષ્ણાંત તબીબોની ગેરહાજરી તેમજ શહેરમાં જેનેરિક દવાઓના સ્ટોરમાં જરૂરી દવાઓના અભાવ બાબતે મહામંડળ દ્વારા ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. શહેરમાં વધતી ચોરી અને અસામાજિક પ્રવૃત્તિને પગલે રાત્રી દરમ્યાન સુરક્ષા માટે પી.સી.આર. વાહન, પોલીસ તથા હોમગાર્ડઝની વ્યવસ્થા કરવા માટે મહામંડળ દ્વારા રજૂઆત કરવામાં આવશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે બેઠકમાં સ્વચ્છતા, શિક્ષણ, પાણીનો વ્યય થતો અટકાવવો તેમજ નાગરિકોમાં પાણીના વપરાશ અંગે જાગૃતિ લાવવા માટે ઉચ્ચકક્ષાએ અપીલ કરવા માટે સૂચન કરવામાં આવ્યા હતા. બેઠકની શરૂઆતમાં મંડળના આગેવાન સોમાભાઈ પરમાર તથા નગરના આપ્તજનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. સભામાં મયુરભાઈ વ્યાસ, બી.એ. શુકલ, જશવંતભાઈ ગાંધી, ભાનુભાઈ પરમાર, ભરતભાઈ કવિ, હસમુખભાઈ ઠાકર, કે.પી. પરમાર, ચંદુજી ઠાકોર, ચંદ્રકાન્ત ધનેશ્વર, જનકભાઈ રાવલ, ડૉ. પી.ડી. પટેલ તથા એસ. રાજન સહિતના સભ્યોએ ઉપસ્થિત રહીને સૂચન કર્યા હતા.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



હું તો કહું છું... આપણાં રાજકારણી જ કરપ્શન કરવા જોઈએ... પૈસો દેશમાં તો રહે... આ તો મારા બેટા વિદેશમાં લઈ જાય છે..

# સે-૨૬ ગ્રીન સીટી વિસ્તારમાં દોઢ મહીનાથી પાણી ફોર્સથી આવતુ નથી

ગાંધીનગર તા ૨૩

શહેરમાં ઉનાળા પુર્વે જ પાણીની પોકાર ઉઠવા પામે છે. સે-૨૬ ગ્રીન સીટી વસાહતમાં છેલ્લા દોઢ મહીનાથી પાણી ફોર્સથી આવતુ નથી. આ વિસ્તારમાં નર્મદાનુ પાણી ન આવતા સ્થાનિકો આગ બબુલા બન્યા છે. સેકટરમાં ટયુબવેલ આધારિત પાણી પુરવઠો પણ પર્યાપ્ત મળતો નથી. આ વિસ્તારમાં નર્મદાનુ પાણી ત્વરિત અસરથી પુરુ પાડવામાં નહીં આવે તો માટલા સરઘસ કાઢી આંદોલનની રાહે લડત આપશે તેવી ચિમકી પણ સ્થાનિક આગેવાનો દ્વારા આપવામાં આવી છે.

સે-૨૬ ગ્રીન સીટી વિસ્તારમાં છેલ્લા દોઢ મહીનાથી પાણીની પોકાર ઉઠવા પામી છે. આ વિસ્તારમાં નર્મદાનુ પાણી આપવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ હતુ. પરંતુ નર્મદાનુ પાણી ન મળતુ હોવાની ફરિયાદ સાથે સેકટરમાં ફોર્સથી પાણી ન આવતા સ્થાનિક રહીશોમાં પ્રબળ રોષ પ્રવર્તયો છે. સેકટરના ગ્રીન સીટી તેમજ કિસાનનગર વિસ્તારમાં ડેપ્યુટી મેયર, પુર્વ ધારાસભ્ય સહીત સ્થાનિક નગરસેવકો અને ભાજપના નેતાઓ પણ વસવાટ કરતા હોવાછતા પાણીના મુદ્દે આંખ આડા કાન કરવામાં આવી રહયા છે. પાણી પુરતા ફોર્સથી ન આવતુ હોવાની વ્યાપક ફરિયાદોને અનુલક્ષી કોઈ પગલા લેવાતા નથી. ગ્રીનસીટી વસાહતમાં ૫ હજાર નાગરિકોની વસતી છે.

જયારે નર્મદાનુ પાણી પુરુ પાડવા માટે વારંવાર રજુઆતો કરવામાં આવી રહી છે. આમછતા કોઈ પગલા લેવાતા નથી. આવા સંજોગોમાં પાણી પુરતા પ્રમાણમાં ન આવતા રહીશો હવે લડત આપવાના મુડમાં છે. સે-૨૬ ગ્રીન સીટી વસાહત મંડળના પ્રમુખ સુનિલ શાહએ આ અંગે જણાંવ્યા મુજબ ચુંટણી સમયે પ્રજા પાસેથી મત મેળવીને સ્થાનિક રહીશોના પ્રશ્નોનો નિકાલ કરવામાં નેતાઓ નિરસતા સેવી રહયા છે. આ વિસ્તારમાં નર્મદાનુ પાણી પુરુ પાડવામાં આવતુ નથી. જો ત્વરિત અસરથી આ અંગે પગલા નહીં લેવાય તો આગામી દિવસોમાં માટલા સરઘસ આકારે રેલી કાઢી સભાનુ આયોજન કરવામાં આવશે. જયારે ઉપવાસ આંદોલન થકી રહીશો લડત આપશે તેમ પણ તેમણે જણાંવ્યુ છે.

# શહેરમાં રાત્રે ચાલું ન રહેતી લાઈટો દિવસે ચાલું રહે છે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગોતેમજ સેક્ટરોના આંતરીક માર્ગો પર સ્ટ્રીટ લાઈટ ઉભી કરવામાં આવી છે. શહેરમાં રાત્રીના સમયે અંધકારનો સામનો નાગરીકોને ન કરવો પડે તે માટે લાઈટીંગની વ્યવસ્થા તંત્ર દ્વારા ગોઠવવામાં આવી છે. ત્યારે મોટાભાગના વીજપોલ બંધ રહેતા નગરમાં અંધકાર છવાયેલ જોવા મળે છે, તો બીજીતરફ નગરના મુખ્યમાર્ગો પર ચોવીસ કલાક વીજપોલ શરુ રહેતા તંત્રની લાપરવાહી જોવા મળે છે. ચ માર્ગ પરના વિજપોલની લાઈટ શરુ રહેતા ભારત વિકાસ પરિષદ દ્વારા તંત્રને લેખિત જાણ કરીને ચોવીસ કલાક શરુ રહેતી વિજપોલની લાઈટો સત્વરે બંધ થાય માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તે માટે માંગ કરી છે.

ગાંધીનગર શહેરમાં મુખ્ય માર્ગોતેમજ રહેણાંક વિસ્તારોમાં સાંજ ઢળતા જ અંધારપટ છવાઈ જાય છે. કહેવાતી નામની લાઈટો સેકટરોમાં શરુ રહે છે જયારે મોટાભાગના વિજપોલ બંધ હાલતમાં હોય છે. જયારે શહેરમાં કેટલાક ઠેકાણે રાત દિવસ ચોવીસ કલાક લાઈટો ચાલુ રહે છે. શહેરના જરુરીયાતવાળા વિસ્તારમાં લાઈટો ડુલ હોય છે તો બીજીતરફ જરુર ન હોય તેવા વિસ્તારમાં લાઈટો સતત ઝળહળતી નજરે પડે છે. શહેરને દિવસ જેવું રાત્રે પણ ઝગમગતું રાખવા માટે હજ્જારો વિજપોલ તંત્ર દ્વારા નાંખવામાં આવ્યા છે તેની જાળવણી અને નિભાવણી પણ યોગ્ય સમયે કરવામાં આવે છે. જયારે થોડા સમય અગાઉ વારંવાર લાઈટો બંધ હોવાની ફરિયાદો વિવિધ સેકટરોમાં ઉઠતી હતી. ત્યારે આજે દિવસ દરમિયાન ચ-૩ પાસેના વિસ્તારમાં વિજપોલ શરુ રહેતા સમગ્ર નાગરીકોની નજર પડી હતી. ત્યારે શહેરમાં દિવસભર શરુ રહેતી લાઈટો તંત્ર દ્વારા સત્વરે બંધ કરવામાં આવે તેવી માંગ ભારત વિકાસ પરિષદ દ્વારા કરવામાં આવી છે.


## ટુંકી મુદતની નિવિદા

કમિશનર ગ્રામ વિકાસની કચેરી, ગાંધીનગરમાં સરકારી કામકાજના ફોટો કોપીંગ, સ્પાઈરલ બાઈન્ડીંગના કામ માટે કચેરીમાં ઝેરોક્ષ મશીન મુકવા સથે સ્થાનિક એજન્સીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે.

તે માટે રસ ધરાવતી સ્થાનિક એજન્સીઓએ જાહેરાત પ્રસિદ્ધ થયેથી તા. ૩/૩/૨૦૧૮ના રોજ,સ ૧૬.૦૦ કલાક સુધીમાં કમિશનર ગ્રામ વિકાસની કચેરી, બ્લોક નં. ૧૬/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરની વહીવટી શાખામાંથી રૂ.૧૦૦/- ભરી રજા સિવાયના દિવસોમાં કચેરીના સમય દરમિયાન તે અંગેનું ટેન્ડર ડૉક્યુમેન્ટ મેળવી શકાશે. નિયત નમુનામાં સીલબંધ કવરમાં ટેન્ડર તા. ૧૨/૩/૨૦૧૮ના રોજ ૧૫.૦૦ કલાક સુધીમાં મળી રહે તે રીતે રજીસ્ટર પોસ્ટ એ.ડી. કે સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે.

નાયબ કમિશનર
ગ્રામવિકાસ-ગુજરાત રાજ્ય
ગાંધીનગર

માહિતી/૨૭૯૪/૧૭-૧૮



## જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત હીરાટીંબા જળ અને સ્વચ્છતા સમિતિ તા. મેઘરજ, જી. અરવલ્લી મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | વિતરણ પાઈપલાઈન ૯૦/૭૫ મી.મી. ૧૪૦૦/૬૩૫ મીટર લેબરકામ (ડામોર ફળી) | ૪૦૦૧૪૪.૮૪ |
| ૨ | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૧૦૦/૩૬૫ મીટર લેબરકામ (મંદિર ફળી) | ૨૭૮૭૭૧.૫૪ |
| ૩. | ઘર જોડાણ ૩૦ નંગ (હીરાટીંબા) | ૩૦૦૦૦.૦૦ |

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૨૭/૨/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ તથા અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૬/૩/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૮/૩/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી હીરાટીંબા જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

ટેન્ડર મોકલવાનું સરનામું
હીરાટીંબા જળ અને સ્વચ્છતા સમિતિ
તાલુકો - મેઘરજ, જીલ્લો - અરવલ્લી



## જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત લાલોડીયા જળ અને સ્વચ્છતા સમિતિ તા. મેઘરજ, જી. અરવલ્લી મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | વિતરણ પાઈપલાઈન ૯૦/૭૫ મી.મી. ૧૫૧૩/૯૯૮ મીટર લેબરકામ (વણઝારા ફળી) | ૪૯૬૪૮૮.૫૪ |
| ૨ | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૧૪૮૭/૯૮૨ મીટર લેબરકામ (ડામોર ફળી) | ૪૯૨૯૩૭.૬૦ |
| ૩. | ઘર જોડાણ ૧૨૭ નંગ | ૧૨૭૦૦૦.૦૦ |

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૨૭/૨/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ તથા અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૬/૩/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૮/૩/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી લાલોડીયા જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

ટેન્ડર મોકલવાનું સરનામું
લાલોડીયા જળ અને સ્વચ્છતા સમિતિ
તાલુકો - મેઘરજ, જીલ્લો - અરવલ્લી



## જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત નેસડા જળ અને સ્વચ્છતા સમિતિ તા. મેઘરજ, જી. અરવલ્લી મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | વિતરણ પાઈપલાઈન ૯૦/૭૫ મી.મી. ૨૦૦૦/૬૩૦ મીટર લેબરકામ | ૪૧૫૬૨૮.૫૯ |
| ૨. | ઘર જોડાણ ૪૮ નંગ | ૪૮૦૦૦.૦૦ |

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૨૭/૨/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ તથા અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૬/૩/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૮/૩/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી નેસડા જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

ટેન્ડર મોકલવાનું સરનામું
નેસડા જળ અને સ્વચ્છતા સમિતિ
તાલુકો - મેઘરજ, જીલ્લો - અરવલ્લી